# M.B. COLLEGE OF COMMERCE & SHRI G.M.N. LALJI ARTS COLLEGE, DEHGAM

## અર્થશાસ્ત્ર વિભાગ

**વિષય:-અર્થશાસ્ત્ર**
**પેપર:-૩૦૫**
**પેપર નામ:-આર્થિક નિબંધો-૧**


પ્રસ્તુત કર્તા
**પ્રો. સુમિતભાઈ દંતાણી**
M.A.,GSET

# TY.BA Semester-5. **અર્થશાસ્ત્ર**.

આર્થિક નિબંધો-૧.

પેપર નં.:-૩૦૫

## ***<u>અભ્યાસક્રમ.</u>***

**યુનિટ:-૧:**-સમાંતર અર્થતંત્ર / કાળું નાણું.

**યુનિટ:-૨:**-આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વ બેંક.

**યુનિટ:-૩:**-ગેટ, વિશ્વ વેપાર સંગઠન, ટ્રીપ્સ અને ટ્રીમ્સ.

**યુનિટ:-૪:**-બેકારી અને રોજગારલક્ષી કાર્યક્રમો.

**યુનિટ:-૫:**-ભારતમાં બાળમજૂરો.

**યુનિટ:-૬:**-ભાવ વધારા ની સમસ્યા અને ભારતમાં ભાવનીતિ.

# ***યુનિટ:-૧:-***

→ **સમાંતર અર્થતંત્ર / કાળું નાણું.**

# યુનિટ:-૧:- સમાંતર અર્થતંત્ર / કાળું નાણું.

- “સમાંતર અર્થતંત્રને” કાળા નાણાનું તંત્ર કે બિનહિસાબી નાણાંની અર્થતંત્ર તરીકે ઓળખવામાં આવે છે.
- કાળું નાણું અપ્રમાણિક અને શંકાશીલ સાધનો દ્વારા થયેલી કમાણીનો હોય છ, તેથી તેને છુપુ રખાઇ છે.
- હિસાબના ચોપડા માં દર્શાવાતું નથી તેથી કાળા નાણાને “ બિનહિસાબી નાણાં” અથવા “બિન નોંધાયેલા નાણા” તરીકે પણ ઓળખવામાં આવે છે.
- કાળા નાણાની અસરો દેશના આર્થિક અને સામાજિક માળખા પર પણ થાય છે, આથી તેને “સમાંતર અર્થકારણ” જેવા નામથી પણ ઓળખવામાં આવે છે.

- કાળા નાણાનું પ્રમાણ:-

1. પ્રો. કાલ્ડોરે આપેલા અહેવાલ પ્રમાણે ૧૯૫૩-૫૪ ના વર્ષમાં રૂ.૬૦૦ કરોડનું કાળું નાણું જણાયેલું.
2. વાંચ્છુ સમિતિએ ૧૯૬૮-૬૯ માં કાળા નાણા નું પ્રમાણ રૂ.૧,૦૦૦ કરોડનું ગણાવેલું.
3. અર્થશાસ્ત્રી ઓ.વી.ઓઝા ના મતે ૧૯૭૭-૭૮ મા કાળા નાણાં પ્રમાણનો અંદાજ રૂ.૮,૧૦૦ કરોડ જણાવ્યો હતો.
4. ડૉ. રાજા ચેલૈયા સમિતિ ના મતે ૧૯૮૨ માં કાળા નાણાનું પ્રમાણ રૂ.૩૬,૭૮૬ કરોડ છે.
5. નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક ફાઇનાન્સના છેલ્લા અંદાજ મુજબ ભારતમાં રૂ.૧૧, ૦૦,૦૦૦ કરોડ જેટલું કાળું નાણું છે.
6. ઈન્કમ ડિસ્ક્લોઝર સ્કીમ (IDS):-જૂન ૨૦૧૬ થી સપ્ટેમ્બર સુધીમાં આ યોજના હેઠળ રૂ.૬૭, ૮૩૨ કરોડની ગેરકાયદેસર સંપત્તિ જાહેર કરવામાં આવી હતી.

- **કાળા નાણાનું પ્રમાણ**:-

7. ૨૦૧૬-૧૭ પ્રધાનમંત્રી ગરીબ યોજના (PMGKY):-કાળા નાણાને જાહેર કરવા માટે આ યોજના શરૂ કરાઇ હતી પરંતુ આ યોજનાને ધારી સફળતા મળી ન હતી. અને માત્ર રૂ.૫, ૦૦૦ કરોડની બેહિસાબી આવક જાહેર કરાઇ હતી. તેની નિષ્ફળતા ના બે કારણો હતાં.

   (૧)યોજના જાહેર કરતાં પહેલા લોકોએ બેન્કોના અલગ-અલગ ખાતામાં રકમ જમા કરાવી હતી.

   (૨) ટેક્સ અને પેનલ્ટી ને કારણે કાળું નાણું ઓછું બહાર આવ્યું હતું.

- **<u>કાળુ નાણું ઉદભવવાના કારણો</u>**:-

1. સીધા કરવેરાના ઊંચા દરો:-
2. અંકુશો અને પરવાના પ્રથા:-
3. રાજકીય પક્ષોને અપાતા ફંડફાળા:-
4. કરવેરાના કાયદાના અમલમાં શિથિલતા:-
5. ખેતીની આવકને કરમુક્તિ:-
6. નૈતિક મૂલ્યોનું અધઃપતન:-
7. ધંધાકીય ખર્ચ પર મુકાયેલી મર્યાદા:-
8. ધંધા-ઉધોગ માં ભ્રષ્ટાચાર:-
9. ચીજ વસ્તુઓની અછત:-
10. જાહેર ખર્ચ:-

- **<u>કાળા નાણા ની અસરો (પરિણામો):-</u>**

1. સરકારની આવક પર વિપરીત અસર:-
2. ફુગાવા-દાણચોરી ને વેગ:-
3. મૂડી રોકાણમાં ઘટાડો:-
4. સાહસિકોની શક્તિ પર અસર:-
5. રાજકીય ભ્રષ્ટાચારને પ્રોત્સાહન:-
6. આવકની અસમાનતા:-
7. દુર્વ્યય:
8. અપ્રમાણિકતા નું સામ્રાજ્ય:-
9. આયોજનની નિષ્ફળતા:-
10. નાણાનું  વિદેશ ગમન:-

- ***<u>કાળા નાણાને અટકાવવા સરકારે લીધેલા પગલા:-</u>***

1. કરવેરાના કાયદામાં સુધારો:-
2. 1976 માં ચલણી નોટોનું ડિમોનેટાઈઝેશન:-
3. સ્વેચ્છિક જાહેરાતની યોજના:-
4. 1965 ની સ્વેચ્છિક જાહેરાત યોજના:-
5. 1976 ની સ્વૈચ્છિક આવક અને સંપત્તિની જાહેરાત યોજના:-
6. બ્લેક મની બેરર બેન્ડ યોજના:-
7. નેશનલ હાઉસિંગ બેન્ક યોજના:-
8. અંકુશો માં ઘટાડો:-
9. વી.ડી.એસ. 1997 ની યોજના (વોલન્ટરી ડિસ્ક્લોઝર ઑફ ઇન્કમ 1997):-
10. 2016 - 17 ની પ્રધાનમંત્રી ગરીબ યોજના (PMGKY):-

- 8 **નવેમ્બર** 2016 **નોટ બંધી ની જાહેરાત**:-

  **8 નવેમ્બરે ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને કરેલા સંબોધનમાં ₹ 500 અને ₹ 1000 ની નોટ બંધ થઈ રહી હોવાનું જાહેર કર્યું હતું.**

- **<u>નોટ બંધી ના કારણો:-</u>**

1. કાળા ધનની સમાપ્તિ:-
2. આતંકવાદીઓને મળતા ભંડોળ પર અંકુશ:-
3. દેશમાં આતંકવાદ ની પ્રવૃત્તિ પર અંકુશ:-
4. નકલી નોટોના અવકાશ ની પ્રવૃત્તિ નો અંત:-

- **<u>નોટ બંધી ને કારણે લાભ:-</u>**
- **<u>નોટ બંધી ને કારણે ગેરલાભ:-</u>**

- **કાળું નાણું દૂર કરવા માટે સુચવેલા ઉપાયો (સમાંતર અર્થકારણના નિયંત્રણ માટે સુચવેલા ઉપાયો)**:-

1. આવકવેરાના નીચા સીમાંત દરો:-
2. કંપનીઓ પરના વેરા:-
3. કૃષિ આવક વેરો:-
4. વેચાણવેરો:-
5. ફરજિયાત હિસાબો ની જોગવાઈ:-
6. મિલકત ટ્રાન્સફર નો કાયદો:-
7. શેરોનો બેનામી બદલો:-
8. મિલકતના બેનામી સોદાઓ:-
9. કરની લેણી રકમ:-
10. કર સંચાલન:-

→ડૉ.રાજા ચેલૈયા સમિતિના (નવે. 1982) મતે કારા ના મુખ્ય કારણો:-

→ડૉ. રાજા ચેલૈયા સમિતિએ કાળા નાણાંની સમસ્યા હલ કરવા કરેલા સૂચનો:-

→સમીક્ષા:-

# ***યુનિટ:- ૨:-***

## → આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વ બેંક.

# ***યુનિટ :-2:- આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ અને વિશ્વ બેંક***

## ***[A] આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ (IMF)***

→**પ્રસ્તાવના:-**

1930 બાદ સુવર્ણ ધોરણના પતન ને કારણે દુનિયા એક કામયાબ અને સ્વયંસંચાલિત આંતરરાષ્ટ્રીય ચુકવણી ની વ્યવસ્થા ગુમાવી હતી. 1931ના સપ્ટેમ્બરમાં બ્રિટને સોનાધોરણ નો ત્યાગ કર્યો અને 1933 સુધીમાં વિશ્વના સંખ્યાબંધ દેશોએ સુવર્ણ ધોરણ ની વ્યવસ્થા ને તિલાંજલિ આપી હતી.

બીજા વિશ્વયુદ્ધને અંતે આંતરરાષ્ટ્રીય વેપારને પ્રોત્સાહન આપવા અને ચૂકવણીઓ ની સમસ્યાઓને હળવી કરવા તેમ જ લેણદેણની તુલા ની અસમતુલા ના પ્રશ્નો આંતરરાષ્ટ્રીય ધોરણે હલ કરવા આંતરરાષ્ટ્રીય સહકાર ઉભો કરવાની અનિવાર્યતા સર્જાઇ હતી.જેના પરિણામ સ્વરૂપે 1945 માં નાણાભંડોળ અસ્તિત્વમાં આવ્યું. એટલે આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ (IMF) તે સમયના સંજોગો ની ભેટ છે.

→**<u>આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (IMF) ની સ્થાપના:-</u>**

સ્થિર આંતરરાષ્ટ્રીય નાણા પદ્ધતિ ની સ્થાપના માટે અમેરિકા અને બ્રિટન તરફથી પ્રયાસો થયા હતા.આ સંદર્ભમાં બ્રિટિશ અર્થશાસ્ત્રી જે.એમ.કેઈન્સ અને અમેરિકાના નિષ્ણાંત એચ.ડી. વ્હાઇટે યોજનાઓ રજૂ કરી તે **"કેઈન્સ પ્લાન"** અને **"વ્હાઇટ પ્લાન્ટ"** તરીકે ઓળખાય છે. જુલાઈ 1944 માં અમેરિકાના બ્રેટનવુડ્ઝ ખાતે 44 દેશોની પરિષદમાં આ બંને પ્લાન્ટ્સ નો સમન્વય કરીને બે આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ સ્થાપવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.(1) આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF-international monetary fund)
(2) આંતરરાષ્ટ્રીય પુનર્ગઠન અને વિકાસ બેંક (IBRD-the international Bank for reconstruction and development) જે વિશ્વ બેન્ક (world Bank) તરીકે પણ ઓળખાય છે.

* આ બંને નાણાકીય સંસ્થાઓ રચવાનો નિર્ણય બ્રેટનવુડ્ઝ પરિષદમાં લેવાયો હોવાથી આ બંને સંસ્થાઓ "bretton woods twins"તરીકે પણ ઓળખાય છે.

## →**આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ વહીવટી માળખું:-**

IMF નું માળખું ડિસેમ્બર 1945માં અમલમાં મુકાયું હતું. બોર્ડ ઓફ ગવર્નર્સ ભંડોળની સર્વોચ્ચ સત્તા છે. વર્ષમાં એકવાર બોર્ડ ઓફ ગવર્નર્સ ની બેઠક યોજાઇ છે. કાર્યકારી બોર્ડ ભંડોળનું એક કાયમી ઘટક છે. ભંડોલી મુખ્ય ઓફિસ વોશિંગ્ટનમાં આવેલી છે. જે અગત્યના નિર્ણયો લેવાનું કાર્ય કરે છે. વર્તમાન સમય સભ્ય દેશો દ્વારા નિયુક્ત અથવા ચૂંટાયેલા 24 કાર્યકારી ડિરેક્ટર નો તેમાં સમાવેશ થયેલો છે.

## →આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ ના ઉદ્દેશો:-

1. આંતરરાષ્ટ્રીય વિશિષ્ટીકરણ નો પુરો લાભ વિશ્વને મળે તે હેતુથી બહુપક્ષીય વેપાર નું સર્જન કરવા વિનિમય અંકુશો ને નાબુદ કરવા.
2. સ્થિર વિનિમય દરો ની સ્થાપના કરવી.
3. રાષ્ટ્રીય,નાણાકીય અને રાજકોષીય નીતિ ની સ્વતંત્રતા સાથે વિનિમય દર ની સ્થિરતાથી નીતિનું વિવિધ દેશો દ્વારા પાલન.

ઉપરોક્ત ત્રણ મુખ્ય ઉદ્દેશો ને ધ્યાનમાં રાખીને ભંડોળના કરારમાં નીચે મુજબના મહત્વના ઉદ્દેશો સ્વીકારવામાં આવ્યા છે.

1. નાણાકીય સહકાર ને પ્રોત્સાહન.
2. સભ્ય દેશોમાં રોજગારી અને આવકોનું ઊંચું ધ્યેય હાંસલ કરવું.
3. વિનિમય દર ની  સ્થિરતા અને પ્રોત્સાહન આપવું.
4. વિદેશી હૂંડિયામણ પરના અંકુશો ને દુર કરવા.
5. સભ્ય દેશોની લેણદેણની તુલા માં ઉભી થયેલી અસમતુલા દૂર કરવા મદદ કરવી.
6. સભ્ય દેશોની લેણદેણની તુલા ની અસમતુલા ની કક્ષા ઓછી કરવી કે તેના સમયગાળાને ઓછો કરવો.

→**<u>આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ નું કાર્યક્ષેત્ર:-</u>**

1. ટૂંકા ગાળાનું ધિરાણ પુરૂ પાડવું:-
2. વિવિધ દેશોના વિનિમય દર વચ્ચે સંવાદિતા સર્જવાની પ્રક્રિયા પૂરી પાડવી:-
3. હુંડિયામણના સંગ્રાહક તરીકેનું કાર્ય:-
4. સભ્ય દેશોને ચાલુ ખાધ માટે ધિરાણ આપવું:-
5. ચલણ ના મૂલ્યમાં ફેરફાર ની વ્યવસ્થા પૂરી પાડવી:-
6. સલાહ - સૂચનો અને માર્ગદર્શન પુરું પાડવું:-

→ **<u>નાણાભંડોળ નાં નાણાકીય સાધનો:-</u>**

1. સભ્ય દેશોનો ફાળો:-
2. સભ્ય દેશોના ચલણ ની ખરીદી કે લોન:-
3. વિશિષ્ટ ઉપાડહક (S.D.R.) નુ સર્જન:-

→**<u>નાણાભંડોળ ના કાર્યો:-</u>**

1. બેન્ક તરીકે:-
2. નિરીક્ષક તરીકે:-
3. સભ્ય દેશોને મદદ:-
   - (A) લેણદેણ તુલા ની ખાધ પુરવા ભંડોળની કામગીરી:-
   - (B) નાણા ભંડોળ અને વિનિમય દર ની નીતિ:-
     - (અ) સંચાલિત પરિવર્તનશીલ વિનિમય દર ની નીતિ:-
     - (બ) તરતા વિનિમય દર ની નીત:-

- ભંડોળની સભ્ય દેશોને મદદ:-

1. સામાન્ય પ્રકારની મદદ:-
   (A) રિઝર્વ ટાંચ:-
   (B) ક્રેડિટ ટાંચ:-
   (C) સ્ટેન્ડબાય એરેન્જમેન્ટ:-
   (D) એક્સટેન્ડેડ ફંડ ફેસીલીટી:-
2. વિશિષ્ટ પ્રકારની સવલતો:-
   (A) કોમ્પેન્સેટરી ફાઈનાન્સિંગ સગવડતા:-
   (B) કાઉન્ટજન્સી ફાઈનાન્સિંગ સગવડતા:-
   (C) ઈમરજન્સી સહાય:-
3. સહાયરૂપની સવલતો:-
   (A) સ્ટ્રક્ચર એડજસ્ટમેન્ટ સવલતો:-
   (B) એનાહાસ્ટ સ્ટ્રક્ચરલ એડજસ્ટમેન્ટ સવલતો:-

**→<u>નાણા ભંડોળ અને ભારત:-</u>**

ભારત નાણાં ભંડોળ ની સ્થાપના થઇ ત્યારથી સભ્ય છે. ભારતના નાણામંત્રી હોદ્દાની રૂએ ભંડોળના board of governors માં છે. જ્યારે ભારતનો ક્વોટા 4158 મિલિયન SDR છે. ક્વોટા ના આધારે ભારતનો ક્રમ 13 છે. મતાધિકાર ને આધારે ભારતનો ક્રમ 21 છે. ભારતના રૂપિયામાં 887 SDR અનામત સ્વરૂપમાં છે.

**→<u>નાણા ભંડોળ ની</u> <u>કામગીરીનું મૂલ્યાંકન:-</u>**

- **ભંડોળની મહત્વની સિદ્ધિઓ:-**

1. સભ્ય દેશોની લેણદેણની તુલા ને સમતોલ રાખવી:-
2. SDR યોજના અમલમાં મૂકી:-
3. ચુકવણીઓ ના પ્રશ્ને મહત્વની કામગીરી:-
4. માર્ગદર્શન અને સલાહ સૂચનો પૂરા પાડ્યા:-
5. નાણાકીય નીતિ,રાજકોષીય નીતિ અને ચલણના અવમૂલ્યનની બાબતમાં માર્ગદર્શન આપ્યું:-

- **નાણા ભંડોળ ની મર્યાદાઓ:-**

1. કડક શરતો અને ઊંચા વ્યાજના દર:-
2. ચાલણોની ખરીદ શક્તિ મુજબ વિનિમય દરોમાં ફેરફાર થાય તેવી કોઇ વ્યવસ્થા નથી:-
3. ભંડોળ જરૂરી નીતિઓ માટે સભ્ય દેશોને ફરજ પાડી શકતું નથી:-
4. અમેરિકા અને યુરોપના દેશો નું વર્ચસ્વ:-
5. વ્યવસ્થિત વિનિમય વ્યવસ્થા વિકસાવવામાં નિષ્ફળ ગયું:-
6. ભંડોળ વિદેશી હૂંડિયામણ પરનો પ્રતિબંધ હટાવવા માં નિષ્ફળ રહ્યું:-

- **આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ ની તાજેતરની સ્થિતિ:-**

31 જુલાઇ 2004ના રોજ આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ ની સ્થિતિ નીચે મુજબ હતી.

1. નાણા ભંડોળ ની સભ્ય સંખ્યા 184 દેશો, કારોબારી સમિતિના સભ્યો 24 હતા. કુલ કર્મચારીઓ 2700 હતા. સૌથી વધુ ક્વોટા અમેરિકા નો 17.5 ટકા અને સૌથી ઓછો પબાઉ 0.001 ટકા હતો.
2. નાણાં ભંડોળ પાસે ઉપલબ્ધ ભંડોળ 126 અબજ ડોલર હતું. (86.5 અબજ SDR)
3. નાણાં ભંડોળના સૌથી મોટા દેવાદાર દેશો નીચે મુજબ છે;

| દેશ | દેવું |
|---|---|
| બ્રાઝિલ | 25 અબજ ડોલર |
| તુર્કી | 23 અબજ ડોલર |
| આર્જેન્ટીના | 14 અબજ ડોલર |
| ઈન્ડોનેશિયા | 10 અબજ ડોલર |
| રશિયા | 04 અબજ ડોલર |

## *[B]:-આંતરરાષ્ટ્રીય પુનર્ગઠન અને વિકાસ બેંક(વિશ્વ બેંક)*

## (International Bank of reconstruction and development) (I.B.R.D.)

→**પ્રસ્તાવના:-**

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વ બેંક બંને ભગીની સંસ્થાઓ છે. બંને સંસ્થાઓ 1944 માં યોજાયેલી બ્રેટનવુડ્ઝ પરિષદના પરિણામ સ્વરૂપ એકસાથે અસ્તિત્વમાં આવી હતી.

- નાણા ભંડોળ સભ્ય દેશોને ટૂંકાગાળાની લેણદેણની તુલા ની અસમતુલા દૂર કરવા પ્રયાસ કરે છે અને ટૂંકા ગાળાની લોન આપે છે,જ્યારે વિશ્વ બેંક સભ્ય દેશોને લાંબા ગાળાની લોન આપે છે.
- વિશ્વ બેંકની સ્થાપના 27 ડિસેમ્બર 1945 થી થઈ છે, જોકે તેને તેની કામગીરી 25 જૂન 1946 થી શરૂ કરી હતી.

→**વિશ્વ બેન્કના ઉદ્દેશો:-**

1. સભ્ય દેશોને મૂડીરોકાણની સગવડતા કરી આપવી:-
2. ઉત્પાદકતામાં વધારો થાય તે માટે પૂરક મૂડી દ્વારા પ્રોત્સાહન પુરૂં પાડવું:-
3. ખાનગી મૂડી રોકાણ માટે પ્રોત્સાહન પૂરું પાડવું:-
4. ઉત્પાદક હેતુઓ માટે પ્રત્યક્ષ ખાનગી મૂડી રોકાણ કરવું:-
5. શ્રમિકોની આર્થિક સ્થિતિ સુધારવા મદદ કરવી:-
6. લાંબાગાળાના વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહન આપવું:-
7. સમતોલ વિકાસને પ્રોત્સાહન આપવું:-

→**<u>વિશ્વ બેંક નું વહીવટી માળખું:-</u>**

- વિશ્વ બેંક નું વહીવટી માળખુ ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. બોર્ડ ઓફ ગવર્નર્સ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ અને પ્રમુખ.
- બોર્ડ ઓફ ગવર્નર્સ વિશ્વ બેંકની સર્વોચ્ચ સત્તા છે. પ્રમુખની નિમણૂક બેંકના કાર્યવાહકો કરે છે,જેની સંખ્યા 21 છે.
- જેમાંથી પાંચ કાર્યવાહક નિયામકો (વધુ શેર મૂડી ધરાવતા) અમેરિકા, યુ.કે., પશ્ચિમ જર્મની, ફ્રાંસ, જાપાન નો સમાવેશ થાય છે.
- બાકીના 16 ડિરેક્ટર્સની નિમણૂક બોર્ડ ઓફ ગવર્નર્સ દ્વારા કરવામાં આવે છે.પાંચ વર્ષની મુદત માટે દરેક સભ્ય દેશને એક ગવર્નર અને એક વૈકલ્પિક ગવર્નરની નિયુક્તિ કરવાની રહે છે.
- વિશ્વ બેંકના પ્રમુખ બોર્ડ ઓફ ગવર્નર્સ ની મીટીંગ દર મહિને બોલાવે છે.વાર્ષિક મિટિંગમાં એડિટ કરેલા હિસાબો, વહીવટી અંદાજપત્ર અને વિશ્વ બેન્કની કામગીરી અને નીતિઓ પર નો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવે છે.

→ **<u>વિશ્વ બેંકની મૂડી:-</u>**

વિશ્વ બેંકની રચના થઈ ત્યારે તેની અધિકૃત મૂડી 10 અબજ ડોલર હતી. વર્તમાન સમયે તેની અધિકૃત મૂડી 21 અબજ ડોલર અને ભરપાઈ થયેલી મૂડી છે. ભરપાઈ થયેલી મૂડીમાં 2 ટકા સોનાના સ્વરૂપમાં અને 98 ટકા મૂડી સભ્ય દેશોના ચલણ ના સ્વરૂપમાં છે.

- 19 અબજ ડોલરના મૂલ્યના શેર્સ સભ્ય દેશોને આપવામાં આવ્યા છે. આ મૂડી ઉધારવામાં આવી નથી, પરંતુ વિશ્વ બેંક ને જરૂરિયાત હોય ત્યારે સભ્ય દેશો પાસેથી મેળવી શકે છે.

**→<u>વિશ્વ બેંક ના કાર્યો:-</u>**

1. ધિરાણ:-
2. ટેકનિકલ સહાય:-
3. સભ્ય દેશોના વિવાદોનો ઉકેલ:-
4. સહાયક સંસ્થાઓની સ્થાપના:-

## →<u>ભારત અને વિશ્વ બેંક:-</u>

વિશ્વ બેન્કના સ્થાપના સમયથી ભારત તેનું સભ્ય છે અનેવર્ષો સુધી તેના કાર્યવાહક નિયામક મંડળમાં સ્થાન ધરાવતું હતું.

- વિશ્વ બેંકે ભારતને બંદર વિકાસ, તેલની શોધખોળ, વિમાની સેવા, લોખંડ પોલાદ,એલ્યુમિનિયમ, ખાતર, રેલવેનું આધુનિકરણ, ટેકનિકલ સહાય વગેરે માટે સહાય કરી છે.
- ભારતને વિશ્વ બેંક પાસેથી મળેલી મદદ અને ગ્રાન્ડ નીચે મુજબ છે;

| વર્ષ | લોન (કરોડ ₹ માં) | ગ્રાન્ટ (કરોડ ₹ માં) | કુલ (કરોડ ₹ માં) |
|---|---|---|---|
| 1994-95 | 2638 | 03 | 2641 |
| 1995-96 | 1476 | 00 | 1476 |
| 1996-97 | 2348 | 73 | 2421 |
| 1997-98 | 4448 | 03 | 4451 |
| 1998-99 | 2893 | 02 | 2895 |
| 1999-2000 | 822 | 20 | 842 |
| 2000-01 | 6817 | 329 | 7259 |
| 2001-02 | 8036 | 01 | 8037 |

**→<u>વિશ્વ બેંકની કામગીરીનું મૂલ્યાંકન:-</u>**

- **વિશ્વ બેન્કની ધિરાણનીતિ માટે કેટલીક ટીકાઓ કરવામાં આવી છે.**

1. વિશ્વ બેંક તેના ધિરાણ પર વ્યાજ ઊંચું લે છે.
2. વિકસતા દેશો ની નાણાકીય જરૂરિયાતો પૂર્ણ કરવામાં વિશ્વ બેંક નિષ્ફળ ગઈ છે.
3. વિશ્વ બેંકની મૂડીમાં વિકાસશીલ દેશોનો ફાળો અપૂરતો છે.
4. વિશ્વ બેન્કના માળખું એ પ્રમાણે છે કે અલ્પવિકસિત દેશો કદી પણ પ્રમુખ પદ મેળવી શકે નહીં.
5. ધિરાણ આપતી વખતે વિશ્વ બેંક લોન પરત કરવાની ક્ષમતાને ધ્યાનમાં રાખે છે.
6. વિશ્વ બેંક સભ્ય દેશોને બિનશરતી લોન આપતી નથી.
7. વિશ્વ બેંકે પાયાના ઉધોગો ના વિકાસ માટે વિકસતા દેશો ની નાણાકીય જરૂરિયાત અને મહત્વ આપ્યું નથી.
8. સભ્ય દેશોને હેતુ મુજબ અને ક્ષેત્રો મુજબ સહાય કરવામાં વિશ્વ બેંક ભેદભાવયુક્ત નીતિ અપનાવે છે.

# યુનિટ:-૩:-

## ગેટ, વિશ્વ વેપાર સંગઠન, ટ્રીપ્સ અને ટ્રીમ્સ.

# યુનિટ:-૩:-ગેટ, વિશ્વ વેપાર સંગઠન, ટ્રીપ્સ અને ટ્રીમ્સ.

- **(A) ગેટ (GATT):-**

**→ગેટ નો ઉદ્ભવ:-**

23 ઓકટોબર 1947ના રોજ 23 દેશો દ્વારા વિશ્વ વ્યાપાર નો સામાન્ય કરાર (General agreement on tariffs and trade-GATT) તરીકે ઓળખવામાં આવે છે.ભારત તેનું સ્થાપક સભ્ય દેશ હતું તેમાં 23 દેશોમાંથી 12 વિકસિત દેશો અને અન્ય વિકસતા દેશો હતા.

**→ગેટ ના ઉદ્દેશો:-**

1. સભ્ય દેશોના લોકોના જીવન ધોરણમાં સુધારો કરવો.
2. સભ્ય દેશોમાં પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવી.
3. મર્યાદિત સાધનો નો મહત્વ અને શ્રેષ્ઠ ઉપયોગ કરવો.
4. આંતરરાષ્ટ્રીય વેપારમાં વધારો કરવો.
5. જકાત અને અન્ય અવરોધો નાબૂદ કરવા.
6. વેપાર સંબંધમાં પ્રવર્તતા અવરોધો નાબૂદ કરવા.
7. વિકસતા દેશોમાં પ્રાથમિક ચીજ વસ્તુઓના ભાવો ટકાવી રાખવા.
8. ઔધોગિક વસ્તુઓના બજારો વિકસતા દેશો માટે સુલભ બનાવવા.

**→ગેટ ની કામગીરી:-**

1. ગેટના આરંભથી ખેતીને અલગ ગણાવી હતી. તેથી તેને ગેટ ના નિયમો લાગુ પડતા ન હતા. તેથી દરેક વિકસિત દેશ પોતાને અનુકૂળ કૃષિ નીતિઓ અનુસરતા હતા.
2. સ્વૈચ્છિક નિકાસ નિયંત્રણ અને બજાર અવરોધો સર્જાયા હતા.
3. ગેટ ના નિયમોની વિરુધ્ધ દ્વિપક્ષી, પક્ષપાતી નિયંત્રિત સમજૂતીઓ થતી હતી.
4. સબસીડીઓ માં  વધતો જતો ઉપયોગક ગેટને દૂર રાખવાનું કારણ બની ગયું હતું.
5. કસ્ટમ યુનિયન અને મુક્ત વ્યાપારની રચના કરવામાં ગેટ ના નિયમો વિકૃત કરી દેવાયા હતા. જેનાથી ગેટ ગંભીર રીતે નબળું પડયું હતું.

• (B) **<u>વિશ્વ વેપાર સંગઠન</u> (WTO):-**

**→વિશ્વ વેપાર સંગઠન નો ઉદ્ભવ:-**

1 જાન્યુઆરી 1995ના રોજ વિશ્વ વેપાર સંગઠન (World Trade organisation)ની સ્થાપના કરવામાં આવી .આ સંસ્થાને ટૂંકમાં WTO નામે ઓળખવામાં આવે છે. જેનું મુખ્ય મથક સ્વિઝર્લેન્ડ ના જીનિવામાં છે.

**→વિશ્વ વેપાર સંગઠનના ઉદ્દેશો:-**

1. વિશ્વના દેશો વચ્ચેના વેપારના નિયંત્રણો દૂર કરવા.
2. વિદેશ વેપારમાં રહેલી સંરક્ષણ નીતિને તિલાંજલિ આપવી.
3. વિવિધ દેશો વચ્ચેના વેપાર સંબંધો માં રહેલી ભેદભાવયુક્ત નીતિઓ નાબૂદ કરવી.
4. ચીજ વસ્તુઓ, સેવાઓ વચ્ચેના વેપારમાં વધારો થાય તેવા પ્રયાસો કરવા.
5. પારદર્શક વેપાર પદ્ધતિનો વિકાસ થાય તે માટે ઉદારીકરણની પ્રક્રિયાને વેગ આપવો.
6. ઇન્ફોર્મેશન ટેકનોલોજીના વિકાસ દ્વારા વૈશ્વિક સ્તરે નાણાંબજારનો વિકાસ કરવો.
7. મૂડીની હેરફેર મુક્ત થાય તેવા પ્રયાસો કરવા.

**→વિશ્વ વેપાર સંગઠનના કાર્યો:-**

1. વિશ્વ વેપાર સંગઠન બહુલક્ષી વેપારના કરારોના અમલ માટે જરૂરી માળખું પુરુ પડશે. જેથી કરારોનો અસરકારક અમલ થઈ શકે.
2. વિશ્વ વેપાર સંગઠનના સભ્ય દેશોને બહુલક્ષી વેપારના સંબંધો અંગે વાટાઘાટો, ચર્ચા વિચારણાના અને કરારો કરવા માટેનું જાહેર ચર્ચા નું સ્થાન પૂરું પાડવામાં આવશે.
3. વિવાદોના નિરાકરણ માટે ના નિયમો અને વિધિઓ નો વહીવટ કરાશે.
4. વેપાર વિષયક નીતિઓની સમીક્ષા તંત્રનો વહીવટ કરવામાં આવશે.
5. વૈશ્વિક આર્થિક નીતિઓને પરસ્પર સુસંગત બનાવવાના હેતુથી વિશ્વ વેપાર સંગઠન આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ અને વિશ્વ બેંકને સહકાર આપશે.

- **વિશ્વ વેપાર સંગઠનના કાર્યક્ષેત્રમાં આવતી કેટલીક અન્ય બાબતો;**

1. ચીજ વસ્તુઓના આંતરરાષ્ટ્રીય વેપાર માટેની સમિતિની રચના કરવામાં આવી છે.
2. સેવાઓના વેપાર માટેની સમિતિ રચવામાં આવી છે.
3. બૌદ્ધિક હકોના વેપારને લગતી સમિતિ રચવામાં આવી છે.

**→ડંકલ ખરડાની દરખાસ્તો:-**

1. ઔદ્યોગિક પેદાશો:-
2. ખેતપેદાશો:-
3. જકાત સિવાયના અવરોધો:-
4. મલ્ટી ફાઇબર વ્યવસ્થાનું સર્જન:-
5. સેવાઓના ક્ષેત્રે:-
6. બૌદ્ધિક સંપત્તિ નો અધિકાર:-
7. વિદેશી મૂડીરોકાણ:-

**→વિશ્વ વેપાર સંગઠન અને ભારત:-**

- **ભારત માટે શક્ય લાભો:-**

1. વેપારમાં વધારો:-
2. તૈયાર વસ્ત્રોનો નિકાસો:-
3. ખેત પેદાશોની નિકાસોમાં વધારો:-
4. કાર્યક્ષમતામાં સુધારો:-
5. વિવાદોનું નિરાકરણ:-

- **ભારત માટે શક્ય ગેરલાભો:-**

1. વેપાર વધારાના ખોટા અંદાજો:-
2. હરીફાઈ નુકસાનકારક:-
3. બૌદ્ધિક સંપત્તિના હક દ્વારા શોષણ:-

**→વિશ્વ વેપાર સંગઠનના પ્રશ્નો (સમસ્યાઓ):-**

1. વિકસિત દેશોને જકાત ઘટાડાનો વધુ લાભ:-
2. બિન જકાત અવરોધો:-
3. કાપડની નિકાસ નો પ્રશ્ન:-
4. ખેતીક્ષેત્ર ના પ્રશ્નો:-
5. વિદેશી મૂડીરોકાણની સમસ્યા:-
6. સેવાઓનો વેપારનો પ્રશ્ન:-

**→દોહામંત્રી પરિષદ - 2001:-**

વિશ્વ સંગઠનની ચોથી બેઠક દોહા મંત્રાલયમાં નવેમ્બર ૨૦૦૧માં યોજાઇ હતી. તેના ડાયરેકટર જનરલ શ્રી માઈક મુરે પાસે એક એવો ખરડો તૈયાર કરાવ્યો હતો જેમાં હરીફાઈ અંગેની નીતિ અને વિદેશી મૂડીરોકાણ અંગેના મુદ્દાઓ હતા.

**→કેનકમ રાઉન્ડ અને ભારત:-**

WTO ની પાંચમી બેઠક 10 સપ્ટેમ્બર 2003ના રોજ કેનકમ ખાતે યોજાઇ હતી. આ બેઠકમાં વિકસતા દેશો નું પ્રતિનિધિત્વ ભારત, બ્રાઝિલ ,ચીન, મલેશિયા, ઇન્ડોનેશિયા , ફિલિપાઇન્સ ,બાંગ્લાદેશ જેવા દેશો કરતા હતા.

**→સમીક્ષા:-**

- **(C) <u>ટ્રિપ્સ (Red related intellectual property right- TRIPS):-</u>**

વિશ્વની બહુમુખી વેપાર વ્યવસ્થામાં બૌદ્ધિક સંપત્તિના અધિકારી ની જોગવાઈ 1976 - 94 દરમિયાન થયેલી ઉરુગ્વે મંત્રણા થઇ હતી.ટ્રીપ્સ ના કરાર નીચે મુજબ છે;

1. વિશ્વ વેપાર સંગઠનના તમામ સભ્ય દેશો બૌદ્ધિક સંપત્તિનું રક્ષણ કરવા બંધાયેલા છે.
2. પેટન્ટ કે ટેકનોલોજીકલ સંશોધન કરનાર કંપનીને બજારમાં વેચાણ નો એકાધિકાર આપે છે.
3. કોપીરાઈટ કે જેને કલાત્મક અને સર્જનાત્મક સંપત્તિઓ સાથે નિસ્બત છે અને ટ્રેડમાર્ક કે જે કંપનીના અથવા પેદાશના વિશિષ્ટ નામ કે પ્રતીક નો પર્યાય છે.
4. ટ્રીપ્સ સ્વીકારનાર સભ્ય દેશોએ બૌધિક સંપતિ ના રક્ષણ માટે કાયદા કરવા પડે છે અને કાયદા નો અમલ કરવા માટે ન્યાયતંત્ર તેમજ વહીવટી તંત્રમાં જોગવાઈઓ કરવી પડે છે.
5. જો કોઈ સભ્ય બૌદ્ધિક સંપત્તિ ના અધિકાર માટે પૂરતી જોગવાઈઓ ન કરે તો અન્ય સભ્ય દેશો વિશ્વ વેપાર સંગઠનમાં તેના વિરુદ્ધ ફરિયાદ કરી શકે છે.
6. વિશ્વ વેપાર સંગઠન કસૂરવાર સભ્ય દેશ વિરૂદ્ધ પગલાં લઈ શકે છે.
7. આ કરાર નો મુખ્ય ઉદ્દેશ્ય સંશોધનોને પ્રોત્સાહન આપવાનો છે.

- **(D) <u>ટ્રીમ્સ</u> (trade related investment measure – TRIMS):-**

TRIMS એટલે વેપાર સંબંધી મૂડીરોકાણના પગલાં અંગે વિશ્વ વેપાર સંગઠનમાં વિદેશી મૂડીરોકાણના પ્રવાહ પર નિયંત્રણો નાબૂદ કરવાની જોગવાઈ છે. જેની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

1. સરકાર વિદેશી મૂડી પ્રત્યે ભેદભાવ રાખશે નહીં.
2. વિદેશી મૂડીરોકાણકાર ને રાષ્ટ્રીય રોકાણકાર જેટલા જડ હક આપવામાં આવશે.
3. રોકાણના કોઈ પણ ક્ષેત્ર પર નિયંત્રણ રાખવામાં આવશે નહીં.
4. 100 ટકા વિદેશી ઇક્વિટી ને મંજૂરી આપવામાં આવશે.
5. કાચામાલની છૂટથી આયાત કરવા દેવામાં આવશે.
6. વિદેશી મૂડી રોકાણકારો માટે સ્થાનિક ઉત્પાદન અને માલ વાપરવાનું ફરજીયાત રહેશે નહીં.
7. ઉત્પાદનના અમુક હિસ્સાની નિકાસ કરવાનું ફરજિયાત નહીં કરવામાં આવે.
8. ડિવિડન્ડ, વ્યાજ અને રોકાણ પોતાના દેશમાં પરત મોકલવા દૂર કરવામાં આવી છે.

# યુનિટ:-4:-

## બેકારી અને રોજગારલક્ષી કાર્યક્રમ

# ***યુનિટ:-4:- બેકારી અને રોજગારલક્ષી કાર્યક્રમ:-***

☞**બેકારી નો અર્થ:-**

"જે લોકો કામ કરવા તૈયાર હોય અને કામના બદલામાં પ્રવર્તમાન વેતન સ્વીકારવા તૈયાર હોય અને કામ શોધતા હોય છતાં કામ મેળવી શકતા ન હોય એવા લોકોને સામાન્ય રીતે બેકાર કહેવામાં આવે છે"

☞**ભારતમાં બેકારી નું સ્વરૂપ:-**

બેકારીનું સ્વરૂપ જાણવા શ્રી રાજકૃષ્ણે ચારમા પણ રજૂ કર્યા છે.

(૧) સમય:-

(૨) આવક:-

(૩) સંમતિ:-

(૪) ઉત્પાદકતા:-

## ☞બેકારી ના પ્રકારો:-

(A) ગ્રામીણ બેકારી:-

(1) મોસમી બેકારી:-

માત્ર અમુક ઋતુપ્રમાણે રોજગારી મળતી હોય અને બાકીની ઋતુઓમાં રોજગારી ન મળતી હોય ત્યારે તેને મોસમી બેકાર કહેવાય છે.

(2) પ્રચ્છન્ન બેકારી:-

જેઓ દેખીતી રીતે ઉત્પાદન પ્રવૃતિ માં જોડાયેલા હોય પણ ઉત્પાદનમાં તેમનો ફાળો શૂન્ય હોય, તેમને પ્રસન્ન બેકાર કે છુપા બેકાર તરીકે ઓળખવામાં આવે છે.

(B)શહેરી બેકારી:-

(1) ઔધોગિક કામદારો ની બેકારી:-

(2) શિક્ષિત બેકારી:-

| વર્ષ | શિક્ષિત બેકારો (લાખમાં) |
|---|---|
| 1961 | 5.90 |
| 1971 | 22.46 |
| 1981 | 90.18 |
| 1991 | 224.34 |

## 👉 ભારતમાં બેકારીનું પ્રમાણ:-

આયોજન પંચના વર્કિંગ પેપર એપ્રિલ 1990 ના અંદાજો પ્રમાણે.

| બેકારી | શહેરી ક્ષેત્ર(લાખ) | ગ્રામીણ ક્ષેત્ર (લાખ) | કુલ બેકારી (લાખ) |
|---|---|---|---|
| લાંબા ગાળાની બેકારી | 54.6 | 76.3 | 130.9 |
| સામાહિક બેકારી | 59.0 | 99.8 | 158.8 |
| દૈનિક બેકારી | 75.7 | 123.4 | 199.0 |

- જાહેર અને ખાનગી ક્ષેત્રમાં રોજગારી (31 માર્ચ)(લાખમાં)Economic survey 2014-15

| વર્ષ | જાહેર ક્ષેત્ર | ખાનગી ક્ષેત્ર | કુલ | જાહેર-ખાનગી ક્ષેત્રે (સ્ત્રીઓને રોજગારી) |
|---|---|---|---|---|
| 1995 | 194.666 | 80.59 | 275.25 | 42.28 |
| 2000 | 193.14 | 86.48 | 279.60 | 49.23 |
| 2003 | 185.8 | 84.21 | 270.00 | 49.68 |
| 2004 | 181.97 | 82.46 | 264.43 | 49.34 |
| 2005 | 180.07 | 84.52 | 264.58 | 50.16 |
| 2006 | 181.88 | 87.71 | 269.96 | 51.21 |
| 2007 | 180.02 | 92.40 | 272.76 | 53.12 |
| 2008 | 176.94 | 98.38 | 275.49 | 55.21 |
| 2009 | 177.95 | 102.91 | 281.72 | 55.80 |
| 2010 | 178.62 | 107.87 | 287.08 | 58.59 |
| 2011 | 175.48 | 114.22 | 289.99 | 59.54 |
| 2012 | 176.1 | 119.7 | 295.8 | 60.5 |

- ભારતમાં બેરોજગારીનો દર (2011-12):-

| | 1000 લોકોએ બેકારીનો દર | | | 1000 લોકોએ બેકારીનો દર | |
|---|---|---|---|---|---|
| રાજ્યો | ગ્રામીણ વિસ્તારો | શહેરી વિસ્તારો | રાજ્યો | ગ્રામીણ વિસ્તારો | શહેરી વિસ્તારો |
| આંધ્ર પ્રદેશ | 12 | 43 | કેરાલા | 68 | 61 |
| આસામ | 45 | 56 | મધ્ય પ્રદેશ | 4 | 26 |
| બિહાર | 32 | 56 | મહારાષ્ટ્ર | 7 | 23 |
| ગુજરાત | 3 | 8 | ઓરિસ્સા | 22 | 35 |
| હરિયાણા | 24 | 42 | પંજાબ | 19 | 28 |
| હિમાચલ પ્રદેશ | 10 | 40 | રાજસ્થાન | 7 | 31 |
| કર્ણાટક | 9 | 29 | તમિલનાડુ | 20 | 27 |
| ઉત્તર પ્રદેશ | 9 | 41 | પ.બંગાળ | 27 | 48 |

- Economic survey :- 2014-15; page-137

**👉બેકારી ના કારણો:-**

1. શ્રમના પુરવઠામાં વધારો:-
2. રોજગારીની તકોમાં ધીમો વધારો:-
3. માનવશક્તિના આયોજનનો અભાવ:-
4. મૂડી પ્રધાન ઉત્પાદન પદ્ધતિ:-
5. જાહેર ક્ષેત્રની બિનકાર્યક્ષમ કામગીરી:-
6. ખાનગી ક્ષેત્રના વિકાસની ઉપેક્ષા:-
7. શિક્ષણની ખામીયુક્ત પદ્ધતિ:-

## ☞ભારતમાં બેકારી દૂર કરવાના ઉપાયો:-

1. વસ્તી નિયંત્રણ:-
2. આર્થિક વિકાસનો દર ઝડપી કરવો:-
3. ગૃહ અને નાના પાયાના ઉધોગો નો વિકાસ:-
4. રોજગારલક્ષી આયોજન:-
5. શિક્ષણ પદ્ધતિમાં સુધારો:-
6. સામાજિક સેવાઓનું વિસ્તરણ:-
7. રોજગાર વિનિમય કેન્દ્રો:-
8. રોજગારલક્ષી શિક્ષણ:-
9. આંતરમાળખાકીય સેવાઓનો વિસ્તાર:-
10. કૃષિ ક્ષેત્રે રોજગારી:-

**👉ભારત સરકારે અમલમાં મૂકેલા રોજગારલક્ષી કાર્યક્રમો:-**

1. સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY):-
2. સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના (SGRY):-
3. પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના (PMGY):-
4. પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના (Gramin Awas):-
5. પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના (Drinking Water Project):-
6. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY):-
7. અંત્યોદય અન્ન યોજના (AAY):-
8. ઇન્દિરા આવાસ યોજના (IAY):-
9. સ્વર્ણ જયંતી શહેરી રોજગાર યોજના (SJSRY):-
10. વાલ્મીકિ આંબેડકર આવાસ યોજના (VAMBAY):-

**☞ રોજગારલક્ષી મુખ્ય કાર્યક્રમો:-**

1. સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ (IRDP) સ્વર્ણ ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY):-
2. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેધરી (NREGA):-
3. પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઝોમેય જયતે યોજના (PDISJY):-
4. દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ કૌશલ્ય યોજના (DUGKY):-
5. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના

# યુનિટ :-5:-

## ભારતમાં બાળમજૂરી

## *યુનિટ :-5:-ભારતમાં બાળમજૂરી:-* (child labour in India)

→**પ્રસ્તાવના:-**

→**બાળમજૂરો નો અર્થ:-**

"6 થી 15 વર્ષની વય જૂથમાં આવનાર જેઓ કોઇ પણ પ્રકારની આર્થિક રીતે ઉત્પાદકીય પ્રવૃત્તિમાં રોકાયેલા હોય તેઓને બાળ મજૂર તરીકે ઓળખવામાં આવે છે.

- "બાળકો માટેના જોખમી કામ માટેની 18 વર્ષ લઘુત્તમ ઉંમર ઠેરવી છે અને સામાન્ય કામ માટે ની લઘુત્તમ ઉંમર 15 વર્ષ નક્કી કરી છે.

**---આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન.**

→**ભારતમાં બાળકોની સ્થિતી અંગે વિચારણા:-**

1. કલમ 24 અન્વયે:-
2. કલમ 29 અન્વયે:-
3. કલમ 45 અન્વયે:-

- **<u>સામાજિક દ્રષ્ટિએ જોતા યુનિસેફ દ્વારા નીચેની પરિસ્થિતિઓમાં બાળકો દ્વારા કરવામાંઆવતા કામને શોષણ ની પરિસ્થિતિ તરીકે મૂકવામાં આવ્યું છે;</u>**

1. બાળકો પાસે કાચી ઉંમરે પૂર્ણ સમય ની પ્રવૃતિઓ કરાવવી.
2. કુટુંબ અથવા તેની બહાર અન્ય સ્થળોએ લાંબા સમયગાળા માટે નું કામ કરાવવું જેથી સમયના અભાવે અથવા શાકના કારણોસર બાળકો શાળામાં હાજરી આપી શકે નહીં.
3. બાળકોનું જાતીય શોષણ કરવું.
4. બાળકો પાસેથી અપૂરતા વેતન આપી પૂર્ણ સમયનું કામ કરાવવું.
5. બાળકોને વધુ જવાબદારીવાળું કામ સોંપવું.
6. બાળકોના આત્મગૌરવ ને હાનિ પહોંચાડે તેવા કામો કરાવવા જેમકે વેઠપ્રથા.

## →બાળમજૂરોનું પ્રમાણ:-

ભારતમાં બાળ મજૂરોને કામે રાખવા તે અંગેની વિચારણા સ્પષ્ટ છે. તેને કાયદાકીય સ્વરૂપ પણ મળેલું છે, તેમ છતાં વાસ્તવિક પરિસ્થિતિ માંથી નિષ્પન્ન થતું ચિત્ર જુદું છે.

**ભારતમાં 1951-1980**
**દરમિયાન ફેક્ટરીમાં ઉંમર,જાતિ મુજબના શ્રમિકો (ટકામાં)**

| | પુખ્ત | | કિશોર | | બાળક | | |
|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | પુરુષો | સ્ત્રીઓ | પુરુષો | સ્ત્રીઓ | પુરુષો | સ્ત્રીઓ | કુલ |
| 1951 | 87.61 | 11.12 | 0.73 | 0.17 | 0.20 | 0.07 | 100.0 |
| 1961 | 89.08 | 10.12 | 0.21 | 0.11 | 0.07 | 0.01 | 100.0 |
| 1974 | 90.38 | 9.28 | 0.09 | 0.16 | 0.03 | 0.06 | 100.0 |
| 1980 | 90.58 | 9.17 | 0.07 | 0.10 | 0.03 | 0.05 | 100.0 |

# એન.એસ.એસ અને 1981ના સેન્સસ ના બાળમજુરોના

## NSS (1977-79) પ્રમાણનો અંદાજ (ટકા) સેન્સસ (1981)

| શ્રમિકો નું વર્ગીકરણ | જાતિ | શહેર | ગામ | કુલ | શહેર | ગામ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| (1) કુલ શ્રમિકો | કુલ | 5.3 | 13.11 | 11.6 | 2.6 | 9.0 | 7.6 |
| | પુરુષો | 6.1 | 14.4 | 12.9 | 3.7 | 10.1 | 8.7 |
| | સ્ત્રીઓ | 4.4 | 11.6 | 10.3 | 1.5 | 7.8 | 6.4 |
| (2)પૂરો સમયના શ્રમિકો | કુલ | 4.5 | 10.9 | 9.7 | 2.5 | 7.3 | 6.2 |
| | પુરુષો | 5.4 | 12.8 | 11.4 | 3.6 | 9.2 | 7.9 |
| | સ્ત્રીઓ | 3.5 | 8.7 | 7.7 | 1.3 | 5.2 | 4.4 |
| (3) અલ્પ સમયનાવ શ્રમિકો | કુલ | 0.8 | 2.2 | 2.0 | 0.2 | 1.7 | 1.4 |
| | પુરુષો | 0.7 | 1.6 | 1.4 | 0.1 | 0.9 | 0.7 |
| | સ્ત્રીઓ | 1.0 | 2.9 | 2.6 | 0.2 | 2.6 | 2.0 |

- 1991ની વસ્તી ગણતરીના આંકડા મુજબ ભારતમાં 112.80 લાખ બાળમજૂરો છે.તેમાંથી મોટાભાગના ગ્રામીણ વિસ્તારોમાં કામ કરે છે 76 ટકા બાળમજૂરો તદ્દન નિરીક્ષણ અને 10 ટકા બાળમજૂરો સાક્ષર છે, પરંતુ તેઓની પાસે શૈક્ષણિક લાયકાત નથી માત્ર 14 ટકા બાળકો પ્રાથમિક અથવા તેથી વધુ શિક્ષણ મેળવી શક્યા છે.
- પ્લાનિંગ કમિશનના રિપોર્ટ અનુસાર 1990માં મજૂરોનું પ્રમાણ વધ્યું છે. 13.5 મિલિયનથી 116 મિલિયન થયું છે. મોટાભાગના બાળકો ગ્રામીણ વિસ્તારમાં કામ કરે છે જેમાં 60% બાળકોની ઉંમર 10 વર્ષ થી નીચેની છે. ધંધા-વેપારમાં 23 ટકા બાળમજૂરો છે. ઘરકામ માં બાળ મજૂરોનું પ્રમાણ 36% છે.

**→<u>ભારતમાં બાળ મજુરોના ઉદ્ભવ માટેના કારણો:-</u>**

1. ગરીબી:-
2. શહેરીકરણ:-
3. કુટુંબથી તરછોડાયેલા કે હડધૂત થયેલા બાળકો બાળકો:-
4. પ્રમાણિકતા:-
5. અનાથ પણું:-
6. જ્ઞાતિવાદ:-
7. બેકારી ભથ્થા નો અભાવ:-
8. કાયદાકીય વિષમતા:-

**→<u>ભારતમાં બાળ મજૂરોની સમસ્યા નિવારવા ના પ્રયાસો:-</u>**

1. બંધારણની કલમ 24 કારખાના ના સ્થળોએ બાળકોની રોજગારી સામે પ્રતિબંધ:-
2. બંધારણની કલમ 39 રાજ્યનીતિ અંગે ના સિધ્દ્ધાંતો:-
3. બંધારણની કલમ 45 મુજબ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ:-
4. રોજગારી માટે અલ્પતમ મર્યાદા:-
5. કામના કલાકો અને પગાર સાથે રજા:-
6. નાની વયના (14 વર્ષથી 18 વર્ષના) બાળ મજુરો ની દાક્તરી તપાસ:-

**→ભારત સરકારની રાષ્ટ્રીય નીતિ:-**

1. બાળ મજુરોના કલ્યાણ માટેની કાયદાકીય જોગવાઈઓ:-
2. કુટુંબ કલ્યાણ અંગેની જોગવાઈઓ:-
3. ભારતીય બંધારણમાં બાળમજૂરોના રક્ષણ અંગેની જોગવાઈઓ:-
4. 15 વર્ષથી નીચેના બાળકોને કોલસાની ખાણમાં, 12 વર્ષથી નીચેના બાળકોને ખાણ અને બગીચા ઉધોગમાં કામે ન રાખી શકાય. તેમજ 18 વર્ષની ઉંમરના બાળકો શારીરિક ક્ષમતા અંગે નું સર્ટીફીકેટ રજુ કરે તો જ તેઓને કામ આપવા અંગે ની જોગવાઈ કરવામાં આવે છે.

# <u>યુનિટ:-૬:-</u>

## <u>ભાવ વધારા ની સમસ્યા અને ભારતમાં ભાવનીતિ</u>

## <u>યુનિટ</u>:-૬:-<u>ભાવ વધારા ની સમસ્યા અને ભારતમાં ભાવનીતિ</u>

**→પ્રસ્તાવના:-**

**→ભારતમાં ભાવોના વલણો:-**

ભારતમાં ભાવોના વલણો ને નીચે મુજબના વિભાગોમાં તપાસવામાં આવે છે.

1. 1970-71 થી 1980-81 દરમિયાન ભાવોના વલણો:
2. 1980-81 થી 1991-92 દરમિયાન ભાવો ના વલણો:
3. 1992-93 થી 1997-98 દરમિયાન ભાવોનાવલણો:

- 1981-82 =100(પાયાનું વર્ષ).

| વર્ષ | જથ્થાબંધ ભાવોનો આંક |
|---|---|
| 1992-93 | 229 |
| 1993-94 | 248 |
| 1994-95 | 275 |
| 1995-96 | 296 |
| 1996-97 | 314 |
| 1997-98 | 338 |

- 1993-94 = 100(પાયાનું વર્ષ)

| વર્ષ | જથ્થાબંધ ભાવાંક |
|---|---|
| 1994-95 | 112.6 |
| 1995-96 | 121.6 |
| 1996-97 | 127.2 |
| 1997-98 | 132.8 |
| 1998-99 | 140.7 |
| 1999-00 | 145.3 |
| 2000-01 | 155.7 |
| 2001-02 | 161.8 |
| 2002-03 | 166.8 |
| 2003-04 | 175.9 |
| 2004-05 | 187.3 |

- 2004-05 = 100 (પાયાનું વર્ષ)

| વર્ષ | જથ્થાબંધ ભાવાંક |
|---|---|
| 2005-06 | 104.5 |
| 2006-07 | 111.4 |
| 2007-08 | 116.6 |
| 2008-09 | 126.0 |
| 2009-10 | 130.8 |
| 2010-11 | 143.3 |
| 2011-12 | 156.1 |
| 2012-13 | 167.6 |
| 2013-14 | 177.6 |
| 2014-15 | 181.2 |
| 2015-16 | 176.1 |

- ભારતમાં જથ્થાબંધ ભાવોનો આંક અને કન્ઝ્યુમર પ્રાઇસ

| વર્ષ | જથ્થાબંધ ભાવો (ટકા) | કન્ઝ્યુમર ભાવ (ટકા) |
|---|---|---|
| 2013-14 | 3.4 | 9.5 |
| 2014-15 | 4.0 | 6.0 |
| 2015-16 | 3.4 | 4.9 |
| 2016-17 | 5.0 | 4.9 |

## →ભારતમાં ભાવ વધારા ના કારણો:-

ભારતમાં ભાવ વધારા માટે મુખ્યત્વે બે કારણો જવાબદાર છે;

(A) માંગ ને અસર કરતા પરિબળ.

(B) પુરવઠાને અસર કરતા પરિબળો.

- **(A) માંગ ને અસર કરતા પરિબળો:-**

1. ભારતમાં જાહેર ક્ષેત્રે મોટું મૂડીરોકાણ:-
2. સરકારના ખર્ચમાં વધારો:-

| વર્ષ | યોજનાકીય ખર્ચ (રૂ.કરોડમાં) | બિન યોજનાકીય ખર્ચ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| 2007-08 | 205082 | 527589 |
| 2010-11 | 379029 | 818298 |
| 2011-12 | 412375 | 891990 |
| 2012-13 | 413625 | 996342 |
| 2013-14 | 555322 | 1109975 |
| 2014-15 | 575000 | 1219892 |

(અ) સબસીડીઓનો ખર્ચ:-

(બ) સંરક્ષણ ખર્ચ:-

(ક) વ્યાજની ચુકવણી:-

3. ખાદ્ય પુરવણી:-

ખાદ્ય પુરવણી (રૂ.કરોડમાં)

| યોજના | અંદાજ (રૂ.કરોડ) | વાસ્તવ ખર્ચ (રૂ.કરોડ) |
|---|---|---|
| પ્રથમ યોજના | 260 | 333 |
| બીજી યોજના | 1200 | 954 |
| ત્રીજી યોજના | 500 | 1133 |
| ચોથી યોજના | 850 | 2060 |
| પાંચમી યોજના | 1354 | 3560 |
| છઠ્ઠી યોજના | 5000 | 15684 |
| સાતમી યોજના | 14000 | 26768 |

4. નાણાંના પુરવઠામાં વધારોઃ-

| વર્ષ | $M_3$. માં વધારો (વાર્ષિક) ટકા |
|---|---|
| 2009-10 | 16.9 |
| 2010-11 | 16.1 |
| 2011-12 | 13.5 |
| 2012-13 | 13.6 |
| 2013-14 | 13.2 |
| 2014-15 | 11.5 |

5. વસ્તી વધારોઃ-
6. કાળું નાણુંઃ-

- **→પુરવઠાને અસર કરતા પરિબળો:-**

1. ખેત ઉત્પાદનમાં અસ્થિરતા:-

| વર્ષ | અનાજનું ઉત્પાદન (મિલિયન ટન) |
|---|---|
| 1970-71 | 108.4 |
| 1980-81 | 129.6 |
| 1990-91 | 176.4 |
| 2000-01 | 196.8 |
| 2008-09 | 218.1 |
| 2010-11 | 244.5 |
| 2011-12 | 259.3 |
| 2012-13 | 257.1 |
| 2013-14 | 265.0 |
| 2014-15 | 252.7 |
| 2015-16 | 252.2 |
| 2016-17 | 270.0 |

2. ઉદ્યોગોનો ધીમો વિકાસ:-

2004-05 = 100 (પાયાનું વર્ષ)

| વર્ષ | ઔદ્યોગિક વિકાસ નો ભાવાંક |
|---|---|
| 2005-06 | 108.6 |
| 2009-10 | 152.9 |
| 2010-11 | 165.5 |
| 2011-12 | 170.3 |
| 2012-13 | 170.2 |
| 2013-14 | 172.2 |
| 2014-15 | 172.0 |
| 2015-16 | 176.9 |

3. સંગ્રહખોરી અને નફાખોરી:-
4. આયાત નીતિ:-
5. કર્મચારીઓના વેતનમાં વધારો:-
6. પરોક્ષ કરવેરા:-
7. જાહેરક્ષેત્રની ભાવનીતિ:-
8. વધારાની ઉત્પાદનક્ષમતા:-

# →ભાવ વધારાને નિયંત્રિત કરવા સરકારે લીધેલા પગલા:-

ભારત સરકાર દ્વારા ભાવ વધારાને નિયંત્રિત કરવા માટે ત્રણ ઉપાયોનો નિર્દેશ કરવામાં આવે છે.

(A) નાણાકીય નીતિ.

(B) રાજકોષીય નીતિ.

(C) વહીવટી નીતિ.

- **(A) નાણાકીય નીતિ:-**

1. બેંક રેટ:-

| વર્ષ | બેંક રેટ ના વલણો (ટકા માં) |
|---|---|
| 1953 | 3.5 |
| 1981 | 10 |
| 1991 | 12 |
| માર્ચ 2013 | 8.50 |
| જાન્યુ.2014 | 9.0 |
| જાન્યુ.2015 | 8.75 |
| ઓગસ્ટ 2016 | 7.00 |

| વર્ષ | રેપો રેટ (ટકામાં) | રિવર્સ રેપો રેટ (ટકામાં) |
|---|---|---|
| જાન્યુ.2006 | 6.50 | 5.50 |
| માર્ચ 2010 | 5.00 | 3.50 |
| માર્ચ 2013 | 7.50 | 6.50 |
| જાન્યુ. 2014 | 8.00 | 7.00 |
| જાન્યુ. 2015 | 7.75 | 6.75 |
| ઓગસ્ટ 2016 | 6.5 | 6.0 |

2. ખુલ્લા બજારમાં સરકારી જામીનગીરી નું ખરીદી-વેચાણ:-
3. રોકડ અનામત ના પ્રમાણમાં ફેરફાર (CRR):-
4. કાયદા માન્ય પ્રવાહિતા નું પ્રમાણ (SLR):-
5. ગુણાત્મક સાધનો:-

- **(B) રાજકોષીય નીતિ:-**

1. સરકારે વખતોવખત સીધા અને આડકતરા વેરા માં વધારો કર્યો છે.
2. સરકારે પોતાના ખર્ચાઓ ઘટાડવા અંગે કરકસર કરી હોવા છતાં ખર્ચમાં વધારો થયો છે.
3. સરકારે પ્રજાની ખરીદશક્તિ અંકુશ મૂકવાનો પ્રયાસ કર્યો હતો.
4. ડિવિડન્ડ ને મર્યાદિત કરાવ્યા અને કર્મચારીઓના મોંઘવારી ભથ્થા ની 50% થાપણો રિઝર્વ બેંકમાં જમા કરાવી હતી.
5. બેરર બોન્ડ યોજના અને ઇન્દિરા બચત પત્રો.
6. સરકારે કાળા નાણાં ને બહાર લાવવા VDIST યોજના અમલમાં મૂકી હતી.
7. 2016 નોટ બંધી જાહેર કરી હતી.
8. 2016-17 ની પ્રધાનમંત્રી ગરીબ યોજના (PMGKY).
9. ઈન્કમ ડિસ્ક્લોઝર સ્કીમ.

**(C) વહીવટી નીતિ:-**

1. ભાવ અંકુશો:-
2. સસ્તા અનાજની દુકાનો:-
3. સંગ્રહખોરી વિરોધી પગલાઓ:-
4. કાળા નાણાં સામે પગલા:-
5. અનાજના ઉત્પાદનમાં વધારો:-
6. ઔધોગિક ઉત્પાદનને ઉત્તેજન:-

## →ભાવ વધારાને નિયંત્રિત કરવાના સૂચનો:-

1. સરકારે પોતાના વહીવટી ખર્ચમાં કાપ મૂકવો જોઈએ.
2. સરકારે ખાધ પુરક નાણાં તંત્રના ઉપયોગ પર મર્યાદા રાખવી જોઈએ.
3. કરચોરી, દાણચોરી જેવા ગુનાઓ અસરકારક રીતે પડકારવા જોઈએ.
4. જુદા જુદા ઉધોગો પર અપાતું સબસીડી ખર્ચ ઘટાડવું જોઇએ.
5. કામના બદલામાં અનાજ ની યોજના ને સુગ્રથિત રીતે  અમલમાં મૂકવી જોઈએ.
6. જાહેર વિતરણ વ્યવસ્થામાં સુધારા કરવા જોઈએ.
7. ઉત્પાદનમાં વધારો થાય તેવા વ્યૂહાત્મક પગલાં ભરવા.
8. રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધારો થાય તેટલા જ પ્રમાણમાં નાણાંનો પુરવઠો જોઈએ.
9. ખેતી અને વપરાશના ઉધોગોનો વિકાસ થાય તે રીતે ઉપાયો હાથ ધરવા જોઈએ.
10. જાહેર વિતરણ વ્યવસ્થા નો વહીવટ સુધારવો જોઈએ.
11. ખોટ કરતાં જાહેર સાહસોની કાર્યક્ષમતા વધારવી જોઇએ અથવા તો તેનું ખાનગીકરણ કરવું જોઈએ.